

ओ३म्

।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol.2 Issue 12, MARCH 2019 Ahmedabad, (Gujarat)

Page : 32, Rs. 100 Annual



## ડૉ. રામજી વાલજી દાવડા

નખત્રાણા (કચ્છ) નિવાસી રામજી વાલજી દાવડાને સ્વામી ભાસ્કરાનંદજી અને સ્વામી પ્રકાશાનંદજીના સંપર્કથી આર્યસમાજનો રંગ લાગ્યો. તેઓએ પિરાણા-પંથીઓને વૈદિક ધર્મની દીક્ષા આપવા અભિયાન ચલાવ્યું. બાયોકેમિકલનો ડિપ્લોમા અભ્યાસ કરી ગરીબ દર્દીઓને વિના મૂલ્યે દવા આપવાનું સેવા કાર્ય કર્યું. તેઓ જાહેર જીવનમાં ખૂબ સક્રિય રહ્યાં અને નખત્રાણા ગ્રામ પંચાયતના સરપંચ, નાગરિક સેવા મંડળના પ્રમુખ, કચ્છ કૌન્સિલના સભ્ય અને ઘણી સામાજિક સંસ્થાઓ સાથે જોડાયા હતા. તેઓ કવિ અને લેખક પણ હતાં.

# "આર્ય વૈદિક દર્શન"

આર્યવૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ - ૩૮૦ ૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી ક્વાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોંધ: (૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

(૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામ : ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઈન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ-તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા. Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

હસમુખ પરમાર
આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી.
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में
सर्वदा उद्यत रहना चाहिए।

RNI No. Guj/Guj/2015/63289

# આર્ય વૈદિક દર્શન

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૧૯
વિક્રમ સંવત: ૨૦૭૪
વર્ષ:૨ (સળંગ વર્ષ ૩૭)
અંક : ૧૨, માર્ચ ૨૦૧૯
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઇલનં.: ૯૮૨૪૦ ૭૨૫૦૯
સહસંપાદક: હસમુખ પરમાર
મોબાઇલનં. ૯૮૭૯૩ ૩૩૩૪૮
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઇલનં. ૯૦૩૩૦ ૩૧૧૪૬
પ્રકાશક: ગુજ. પ્રા. આર્ય. પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય: આર્યસમાજ,
ત્રણ હાટડી, ટંકારા.
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેક્સી કોમર્શિયલ સેન્ટર,
જવાહર રોડ, રાજકોટ.
ફોન: ૦૨૮૧-૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂા. ૧૦૦/-
દ્વિવાર્ષિક : રૂા. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂા. ૨૫૦/-
આજીવન: (૧૦વર્ષ) રૂા. ૮૦૦/-
૧ પ્રત : રૂા. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email: gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

न तिष्ठति तु यः पूर्वां नोपास्ते यश्च पश्चिमाम्।
स शूद्रवद् बहिष्कार्यः सर्वस्माद् द्विजकर्मणः॥

જે મનુષ્ય નિત્ય પ્રાતઃકાળ અને સાયંકાળમાં સંધ્યા-ઉપાસના નથી કરતો તેને શૂદ્ર સમાન સમજીને (સમસ્ત) દ્વિજકુળથી તેને અલગ કરીને શૂદ્રકુળમાં મુકી દેવો જોઇએ.

મનુ. ૨.૧૦૩

## અનુક્રમણિકા

આધ્યાત્મિક ચિંતન ૪
વૈદિક ઉપદેઈ ૬
ગ્રંથ પરિચય ૮
અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર ૯
મૂર્તિપૂજા ૧૧
જીજ્ઞાસા સમાધાન ૧૨
પ્રેરણા પિયુષ ૧૫
પિતૃ નડતર એક અજ્ઞાત ભય! ૧૭
અંધવિશ્વાસ અને તેનું નિવારણ ૧૮
બાળ વિભાગ ૨૦
**ગુજરાતનું ગતિશીલ આર્યજગત**
આર્યસમાજ આણંદ દ્વારા શ્રદ્ધાંજલિ ૨૬
બૃહદ સૌ. આ. પ્રા. સભા દ્વારા ઉપપ્રમુખની નિમણૂંક કરાઇ ૨૭
આર્યસમાજ નડિઆદ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ ૨૮
આ. જામનગર દ્વારા બોર્ડની વિદ્યાર્થિનીઓને શુભેચ્છા અને વિદાય ૨૯
આ. પરબંદર દ્વારા મ. દ. જન્મ-જ્યંતિ ઉજવાઇ ૩૦
શોકસમાચાર ૩૧

આધ્યાત્મિક ચિંતન

# સાધનોની સાધના

- આચાર્ય સત્યજિત આર્ય
અનુવાદ : પ્રવીણચંદ્ર ઠાકર

પ્રભુની કૃપાથી મનુષ્યને જે શરીર, મન, બુદ્ધિ વગેરે સાધન મળ્યાં છે તે અનુપમ છે. શરીર, મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, ખાદ્ય-સામગ્રી, ધન તથા જીવન માટે આવશ્યક સંસારની વસ્તુઓને જોવાથી તેની વ્યવસ્થા-કુશળતા સમજવાથી તેની અનુપમતાનો અનુભવ થાય છે. આ અનુપમ સાધનોની અનુપમતા સુધી સીમિત રહી જઇએ તો આ સાધન આપણને તેની અનુપમતા સુધી પહોંચાડી શકતાં નથી, જે આપવાનું સામર્થ્ય તેમાં છે.

પ્રભુકૃપાથી સાધના-પથ પર ચાલતો સાધક પોતાને સાધનોની અનુપમતામાં અટકી જતો બચાવતો રહે છે, જો થોડું અટકે છે તો પણ સાધના દ્વારા તે અટકાવને દૂર કરે છે. આ સ્થિતિમાં સાધના કરવાવાળા મનુષ્ય ધન્ય છે. સૌભાગ્યશાળી છે. પ્રભુની આ કૃપા મેળવીને, સમજ બનાવીને ચાલતા-ચાલતા પણ ભટકાવ અજ્ઞાનના અનેક સ્થાન આવતા રહે છે. જો ત્યાં સાવધાની જાગરૂકતા-સમજણ ન રાખવામાં આવે તો વિઘ્ન ઊભુ થાય છે.

જીવનના અંતિમ લક્ષ્ય મુક્તિને ધ્યાનમાં ન રાખવાવાળા માણસો આ શરીરાદિ સાધનોને લક્ષ્ય સમજીને તેમાં સ્થિર થઇ જાય છે. સાધક આ શરીર વગેરે સાધનોને લક્ષ્ય ન માનીને મુક્તિને લક્ષ્ય બનાવી લે છે. આમ થવાથી સાધકોમાં સાધનો પ્રત્યે ઉપેક્ષાનો ભાવ ઉત્પન્ન થાય છે. સાધનોને લક્ષ્ય ન થવા દેવું એ એક મોટી ઉપલબ્ધિ છે, પરંતુ સાધનને લક્ષ્ય બનાવવામાં હાની જોવા વાળો સાધક, સાધનોની તરફ પ્રીતિ ઘટાડતો જાય છે. સાધનો પ્રત્યે હાનિકારક અતિપ્રીતિને જ્યારે સાધક ઓછી કરે છે તો તે જો તેને અલ્પ પ્રીતિ કે અપ્રીતિ સુધી ઓછી કરી નાંખે, તો તે સાધનો પ્રત્યે ઉપેક્ષા થઇ જાય છે.

પ્રભુકૃપાથી મળેલ આ સાધન જો કે લક્ષ્ય નથી, પરંતુ એ સાધન તો છે જ. લક્ષ્ય પ્રાપ્તિમાં સાધન પણ જરૂરી હોય છે. સાધનો પ્રત્યે અલ્પપ્રીતિ કે અપ્રીતિ, ઉપેક્ષાભાવ સાધકને લક્ષ્ય પ્રાપ્તિથી દૂર ધકેલે છે. આ વાતને બધા સાધક સમજતા-માનતા-સ્વીકાર કરતાં હોવા છતાં પણ વ્યવહારમાં ઘણી વાર ભૂલ કરતા જણાય છે. સાધકની સાધનાનો એક ભાગ એ હોય છે કે તે પોતાનું યોગ્ય લક્ષ્ય બનાવે, અયોગ્ય લક્ષ્ય બની જાય તો

તેને દૂર કરે. આમ કરતાં કરતાં તે લક્ષ્ય ઉપર વધારે કેન્દ્રિત થતો જાય છે. આમ થવાથી સાધનો પ્રત્યે લક્ષ્ય-ભાવ દૂર થતો જોઇ સાધક પ્રસન્ન અને સંતુષ્ટ પણ થાય છે. આ પ્રસન્નતા અને સંતોષને તે વધારે છે, અને આ તેને સાધનો પ્રત્યે અલ્પપ્રીતિ-અપ્રીતિ-ઉપેક્ષા તરફ લઇ જાય છે. સાધક તેને સફળતાનું લક્ષણ માને છે, જ્યારે આ સફળતા તરફ લઇ જનારૂ, સફળતાથી દૂર રાખવાવાળું અજ્ઞાનનું લક્ષણ છે.

પ્રભુકૃપાથી સાધક જેટલી જલદી આ સમજ - જાગરૂકતા પ્રાપ્ત કરી લ્યે, એટલું સારું છે કે સાધનોને સાધનોના રૂપમાં પૂરતું મહત્વ દઇ શકે, સાધનને સાધવું સાધનને લક્ષ્ય બનાવવું નથી હોતું. સાધનને સાધવાની પ્રવૃત્તિ જોઇ એ ન સમજવું કે સાધનને લક્ષ્ય બનાવી રહ્યા છીએ. સાધનોને લક્ષ્ય માનવાવાળા અથવા સાધનોને સાધન માનવાવાળા મનુષ્ય સાધનોને સાધવામાં લાગી શકે છે, લાગે છે. સાધનોને સાધવા જ જોઇએ. સાધનોને સાધન સમજીને સાધવાનું હોય છે, નહિં કે લક્ષ્ય સમજીને. આ વિવેક છે, આ સમજણ લક્ષ્ય-પ્રાપ્તિને માટે જરૂરી છે.

સાધનોને સાધવા માટે લાગતો સમય અને શ્રમ પણ ઇશ્વર પ્રાપ્તિની સાધના જ છે. તેમાં લાગેલ સમય અને શ્રમ નકામો નથી જતો. તેમાં સમય ખર્ચ કરવાથી લક્ષ્ય પ્રાપ્તિમાં મોડું નથી થતું, ઉલ્ટું ઝડપ અને સરળતા રહે છે. સાધક એમાં સમય આપવાને લક્ષ્ય-પ્રાપ્તિમાં વિલંબ થવાનું માની શકે છે, અને ત્યારે તે સાધનો પ્રત્યે ઓછો સમય ફાળવે છે. આવામાં શરૂઆતમાં તો સાધકને લાભ દેખાય છે, કારણ કે તે અન્ય ધ્યાન વગેરે સાધનામાં વધુ સમય આપી થોડા સમય માટે અધિક ઉન્નતિ કરી શકે છે, પરંતુ પાછળથી સાધનોની નબળાઇ-ક્ષીણતા-રુણતા-અસમર્થતા જલ્દી આવી જવાથી તેની અન્ય ધ્યાન વગેરે સાધના પણ ધીમી પડી જાય છે. સાધનોને સાધવામાં ઓછો સમય આપવાવાળા સાધકને સરવાળે ધ્યાન-સાધનાની પ્રગતિમાં અન્ય લક્ષ્ય પ્રાપ્તિમાં મોડું થાય છે. જેમ યોગ્ય ભોજન-નિંદ્રા-વ્યાયામ વગેરે ન કરીને ધ્યાન-સાધનામાં લાગ્યા રહેવાથી થોડાં સમય બાદ ધ્યાન-સાધના પણ ક્ષીણ-શિથિલ થતી જાય છે.

પ્રભુની કૃપા આ વિષયમાં મળતી રહે. આપણને આપણાં કર્મોનું આ ફળ મળે કે આ વિષયમાં આપણી બુદ્ધિ જાગરૂક રહે. મુક્તિનું લક્ષ્ય રાખીને પણ આપણે ઇશ્વર પ્રદત્ત અનુપમ સાધનોને નકામા-અશક્ત ન બનાવીએ. પ્રભુએ આપેલ શરીર, મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને સંસારની વસ્તુઓમાં એટલું સામર્થ્ય છે કે એ આપણને લક્ષ્ય સુધી પહોંચાડી શકે છે. આપણે સાધનોને શોધવા પણ સાધના જ માનીને તેમાં યોગ્ય સમય-શ્રમ કરતા રહેવાનો છે. પ્રભુના આંશીર્વાદ આપણી સાથે છે.

વૈદિક ઉપદેશ



# વેદ પ્રવચન

- પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય ○ અનુવાદક : નાથુભાઈ ડોડિયા

विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे।
इन्द्रस्य युज्यः सखाः ।।

- ઋગ્વેદ ૧-૨૨-૧૯

**અન્વય :** (हे मनुष्या ! यूयम्) विष्णोः कर्माणि पश्यत। यतः व्रतानि पस्पशे।
इन्द्रस्य युज्यः सखा।

**અર્થ :** હે લોકો! (विष्णोः) વિષ્ણુના (कर्मार्णि) કર્મોને (पश्यत) જુઓ, જે (કર્મોને) જોઈને મનુષ્ય પોતાના (व्रतानि) વ્રતોનું (पस्पश) પાલન કરવામાં સફળ થાય છે. વિષ્ણુ (इन्द्रस्य) ઇન્દ્રનો (युज्यः) સૌથી યોગ્ય મિત્ર છે.

यदा पश्यः पश्यति रुक्मवर्ण कत्तांरमीशं पुरुषं बह्मयोनिम्।
तदा विद्वान् पुण्यपापे विधूय निरंजनः परमं साम्यमुपैति ।।

અહીં પરમાત્માને કર્તા બતાવ્યો છે.

જે લોકો ઈશ્વરને કર્તા નહિ પણ દૃષ્ટા માને છે તે દર્શનનો સાચો અર્થ સમજતા નથી. જો દૃષ્ટાનો દૃશ્ય પદાર્થ સાથે ફક્ત દર્શન માત્રનો જ સંબંધ હોય તો દૃશ્યની અપેક્ષાએ દૃષ્ટાની આવશ્યકતા જ નથી રહેતી. જો હું દૃશ્ય હોઉં તો લાખો લોકો મને જોનાર પણ કેમ ન હોય, મારે તેમાં શું? બિલાડી રાજાને જુએ છે અહીં બિલાડી દૃષ્ટા છે અને રાજા હૃદય છે. રાજા ઉપર બિલાડીનો શું પ્રભાવ પડે? આંધળો કોઈને જોતો નથી. તેથી કોઈનું શું સારું કે નરસું થાય છે? આથી ફક્ત એક કલ્પિત સિદ્ધાંતની પુષ્ટિ માટે ઈશ્વરને દૃષ્ટા માત્ર માની લેવો ઉચિત નથી. વેદોમાં विष्णोः कर्माणि કહીને પરમાત્માના કર્તૃત્વને સ્પષ્ટ કરી દીધું છે.

હવે 'पश्यत' શબ્દ ઉપર વિચાર કરો, આ 'दश्' 'लोट' ધાતુના મધ્યમ પુરુષ બહુવચન છે. पश्यतं= જુઓ. અહી 'पश्यत'નો ફક્ત આંખના ઇન્દ્રિયથી માત્ર જોવા પૂરતો અર્થ નથી. દર્શનનો અર્થ છે સમ્યક જ્ઞાનની પ્રાપ્તિ. જ્યારે આપણે કોઈ કર્મને જોઈએ છીએ ત્યારે તેને જોવાના બે પ્રકાર છે - એક સ્થૂળ અર્થાત્ ઘટના માત્રને જોવી. બીજું એ નિયમનું જ્ઞાન પ્રાપ્ત કરવું. કે જેને લીધે આ બનાવ બન્યો. આ વાત સમજવા માટે એક સાધારણ બનાવ ઉપર વિચાર કરીએ. કલ્પના કરો કે આપ ઘરની અંદર બેઠા છો. કોઈ બારણે ટકોરા મારે છે. આપે નોકરને કહ્યું જો કોણ છે? જો નોકર મૂર્ખ

હશે તો જશે, બારણું ઉઘાડશે, જોશે અને આવીને કહેશે કે, એક વ્યક્તિ છે તેનો ઉત્તર વાજબી છે, ખોટો નથી. આપે કહ્યું જા અને તે જોઇને આવ્યો. પરંતુ આ ઉત્તરથી આપને સંતોષ થશે નહિ. બુદ્ધિમાન નોકરનો ઉત્તર બીજો હશે, અમુક વ્યક્તિ આવેલ છે અને તે અમુક કામ અર્થે આપને મળવા માગે છે. ખરેખર આપે જ્યારે જા કહ્યું ત્યારે આપનો હેતુ બીજા પ્રકારના દર્શનનો (જોવાનો) હતો આવી જ રીતે જ્યારે વેદમાં મુખ્ય આદેશ છે કે વિષ્ણુના કર્મોને જુઓ ત્યારે તેનો આશય સમ્યક જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. સફરજન વૃક્ષ પરથી નીચે પડે છે. લાખો લોકો આવા બનાવો જુએ છે. પરંતુ ન્યૂટનનું જોવું એ ખરેખર જોવું હતું. કોણ એવું છે કે જે વિષ્ણુંના કર્મોને નથી જોતું ? કૂતરા, બિલાડી, ઘેટાં, બકરાં જેને આંખો છે તે બધાં જ જુએ છે. સાધારણ મનુષ્યની આંખ સામે વિષ્ણુના ઘણાં બધાં કાર્યો આવે છે. સૂર્ય ઉગે છે, નદી વહે છે, વૃક્ષ ઉગે છે, વીજળી ચમકે છે, પરંતુ આ તો વિવિધ બનાવો છે. બનાવો જોવાનું નામ જ્ઞાન નથી અને તેનાથી આસ્તિકતાની ભાવના ઉત્પન્ન થતી નથી. ઘડિયાળ જોવા માત્રથી ઘડિયાળ બનાવનાર કોણ તેનું જ્ઞાન નથી થતું અને આ જાણવાનો કોઇ લાભ નથી. જો આંખનું કાર્ય જોવા માત્રનું હોય તો તે આંખથી કોઇ લાભ નથી. જો ચોકીદાર ચોરને માત્ર જુએ છે અને જોયા પછી તેણે જે કામગીરી કરવાની હોય તેનું જો તેને જ્ઞાન ન હોય તો તે ચોકીદારનો અર્થ શું ? જોવાનો સંપૂર્ણ અર્થ સમજાવવા માટે મંત્રનો પછીનો ભાગ છે. 'यतः व्रतानि पस्पशे।' 'यतः' જેનાથી, 'જેથી સહાયતાથી' કોની ? તેના કર્મોની અર્થાત્ વિષ્ણુના આ કર્મોના સમ્યક જ્ઞાનની મદદથી 'व्रतानि पस्पश' મનુષ્ય પોતાના વ્રતોનું અનુષ્ઠાન કરી શકે. મારું વિષ્ણુના કાર્યોને જોવાનું નિરર્થક નથી. આમાં મારા પોતાનો પણ સ્વાર્થ છે. હું મારા વ્રતોનું અનુષ્ઠાન કરવા ઇચ્છું છું. આ અનુષ્ઠાન માટે વિષ્ણુના કાર્યો જોવાનો છે.

વ્રતનો અર્થ થાય છે 'વર્તન' વર્તાવ કે કર્તવ્યપાલન. ચેતન જીવ હોવાને કારણ હું કંઇને કંઇ કરતો જ રહું છું. 'कर्तुं, अकर्तुं अन्यथा कर्तुम्' – કરવું, ન કરવું, ઉલટું કરવું – ચેતનાના આ ત્રણ લક્ષણો છે. 'अकतु' પણ એક ક્રિયા છે. કારણકે ક્રિયાના પ્રવાહને રોકવો પડે છે. વહેતા પાણીના પ્રવાહને રોકવા માટે બાંધ બાંધવો પડે તે પણ ક્રિયા જ છે, શું એવું કોઇ ચેતન તત્ત્વ છે જે કદી કોઇ કાર્ય ન કરે ? તે કોઇને કોઇ કામ તો અવશ્ય

કરશે જ અને તેનું આ કામ કરવું, ન કરવું કે ઉલટા કરવાની કોટિમાંથી જ હશે પરંતુ દરેક ક્રિયા અથવા કાર્ય કર્તવ્યતા નથી. કૃ ધાતુમાં 'તવ્ય' કે 'તવ્યત્' પ્રત્યય લગાવવાનો એક વિશેષ હેતુ છે. કર્તવ્ય એ જ છે જેના ઉદ્દેશ્યની પૂર્તિ થાય. કર્તવ્યની પૂર્તિ તો વિષ્ણુના કર્મોનું સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરવાથી જ થશે. મનુષ્યનો સ્વભાવ અનુકરણ કરવાનો છે. અર્થાત્ જેવુ કાર્ય કરતા બીજાને જુએ છે એવું કાર્ય સ્વયં પણ કરે છે. પરંતુ અનુકરણ અને પસંદગીમાં તફાવત છે. જે ક્રિયાને ફક્ત અનુકરણ રૂપે જ કરવામાં આવે છે તે કર્તવ્ય નથી, વ્રત પણ નથી જ્યારે હું વિવિધ પ્રકારના કર્મો જે કરવા મારે સંભવ છે. અથવા જે કરવાની મારી પ્રવૃત્તિ છે, તેમાંથી કોઇ એક કાર્યને પસંદ કરીને તેને કરું તો તે વ્રત કહેવાય છે. મારી સામે આડા-અવળા અનેક માર્ગ છે અને મને અધિકાર છે કે આ માર્ગોમાંથી હું કોઇ એક સારા માર્ગ પર ચાલવાનું શરૂ કરું, પછી ભલે તેનું પરિણામ સારું હોય કે ખરાબ. વ્રત તો એ છે કે જે હું એટલા માટે કરતો નથી કે બીજા તે કરવાનું કહે છે, પરંતુ એ માટે કરું છું કે આ બધા માર્ગોમાંથી એક માર્ગ એવો છે કે જેનાથી મારા ઉદ્દ્શ્ય પાર પડશે.

ક્રમશઃ....

## આવો, પરિચય કરીએ
## મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...

**ગતાંકથી ચાલુ.....**

મહર્ષિ દયાનંદ દ્વારા લિખિત પરંતુ અપ્રકાશિત ગ્રન્થોની યાદી...

૧૧. શતપથ બ્રાહ્મણ સૂચિ
૧૨. ધાતુપાઠ સૂચિ
૧૩. વાર્તિક સંકેત સૂચિ
૧૪. નિઘંટુ સૂચિ
૧૫. કુશન સૂચિ
૧૬. બાઈબલ સૂચિ
૧૭. જૈન ધર્મ સૂચિ
૧૮. વાર્તિક સભાષ્ય
૧૯. મનુસ્મૃતિનાં ઉપયોગી શ્લોકનો સંગ્રહ
૨૦. વિદુરપ્રજાગરના ઉપયોગી શ્લોકોનો સંગ્રહ

– ક્રમશઃ...

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

- પં. રુચિરામ આર્યોપદેશક

**(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૬ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)**

**– સહસંપાદક**

ગતાંકનું ચાલું...

મેં અહીં (યમબા બંદર) થોડા દિવસ રોકાઇને પ્રચાર કર્યો. યમબા બંદરે સ્વેજ, મિશ્ર તરફથી મોટા-મોટા વહાણો આવતા રહે છે, મિશ્ર દેશનો દરેક જાતનો સમાન અહીં વેચાય છે. અહીં અરબીની કેટલીય પાઠશાળાઓ છે, પરંતુ અહીં શાક-ભાજી નથી ઉગતા. ક્યારેક - કયારેક સ્વેજથી શાક-ભાજી આવી જાય છે. લોકોનું ગુજરાન મુખ્ય રીતે ખજૂર ચાલે છે અને જુવાર, બાજરો અને ચોખા મોટા ભાગે ધનવાન લોકો ખાય છે.

જ્યારે હું અહીંથી આગળ જવા તૈયાર થયો તો પહેલા ત્યાંના અલ-અમીર એટલે કે ડેપ્યુટી કમિશ્નરને મળવા ગયો અને આગળ પ્રવાસની રજા માંગી. તેમણે સ્વીકૃતિ આપી, પરંતુ તેઓએ મારી પાસે એક પત્રકમાં સહી કરાવી લીધી. જેનો હેતુ એ હતો કે જો રસ્તામાં ભૂત-તરસ કે જંગલી જાનવરોથી મારું મૃત્યુ થઇ જાય તો નજદોઇલાજની સરકાર જવાબદાર નહીં ગણાય. હું પરમાત્મા પર ભરોસો રાખીને યમબાથી રવાના થયો.

યાત્રાનો ત્રીજો દિવસ હતો. સાંજના સમયે હું વિશ્રામની તૈયારી કરતો હતો ત્યાં એકાએક વરૂઓનું ટોળુ આવ્યું અને મને ઘેરી લીધો. મેં ઝડપથી ખિસ્સામાંથી દીવાસળી કાઢી અને માથે બાંધેલો રૂમાલ ઉતારીને સળગાવ્યો અને સળગતા રૂમાલને બોરના નાના વૃક્ષ પર ટીંગાડી દીધો. બોરડી સૂકી હતી આથી સળગવા લાગી. આગ જોતા જ વરુ ભાગી ગયા. બોરડી સળગતી હતી તે દરમ્યાન મેં ઘણાં બધાં લાકડાં અને ઊંટનું સૂકાયેલુ છાણ (અડાયા) એકઠાં કરી લીધાં. હજુ લાકડાં ભેગાં કરતો હતો ત્યાં આગ ઓલવાઇ ગઇ અને વરૂઓ પાછા આવી ગયાં.

મેં ઝડપથી ફરી વખત આગ પેટાવી જેથી વરૂ થોડા દૂર ઊભા રહી ગયા. હવે રાત થઇ ગઇ હતી. આગ થોડી ઓછી થતી તો વરૂ તુરંત નજીક આવી જતાં. પરંતુ આગ વધુ સળગતી તો દૂર ચાલ્યા જતાં. મને ભૂખ લાગી

હતી આથી થેલામાંથી ચોખા કાઢીને પકાવ્યા અને ચા પીધી. ઈશ્વર ભક્તિના કેટલાંક ગીત પણ ગાયાં. આવું બધું કરવા છતાં મને નીંદર આવવા લાગી. આગ ઓછી થતાં જ વરૂ નજીક આવી જતા હતાં. મારી પાસે બંદૂક અને કારતૂસ હતાં. તેનો ઉપયોગ કરી શકત, પરંતુ ગોળી છોડવાથી વરૂનું આખું ટોળુ આક્રમણ કરી દે તો! આમ વિચારીને મેં ગોળી ન ચલાવી. મને એની જાણ હતી કે માત્ર આગ સળગાવીને જ વનના પ્રાણીઓને ડરાવી શકાય છે, અન્ય રીતે નહીં.

એક વખત પેશાબ કરવા માટે થોડે દૂર ગયો કે વરૂએ એકદમ ઝપટ મારી, પરંતુ એટલું સારૂ થયું કે હું તુરંત દોડીને આગ પાસે પહોંચી ગયો. મેં ત્યાં બેસીને જ પેશાબ કરી લીધો. અધરાત સુધી તો જાગતો રહ્યો. વધુ જાગવું અસંભવ લાગ્યું તો સૌથી મોટું લાકડું સળગાવ્યું અને ભગવાનનું નામ લઈને સૂઈ ગયો. સવારે જાગ્યો ત્યારે એક પણ વરૂ હતું નહીં.

ત્યાંથી નીકળીને ચોથા દિવસે સાંજે અમલુજ બંદર પહોંચ્યો. યમબા, અમલુજ, અલવજહ, દુબ્બા, ખુરૈબા એક બીજાથી ચાર-ચાર દિવસના અંતરે છે, પરંતુ રસ્તામાં કુવા બે-બે દિવસના અંતરે આવે છે, જેને ત્યાં મંજિલ કહે છે. હું દરેક બંદરેથી ચાર દિવસનો ખોરાક સાથે લઈ લેતો હતો, પરંતુ રસ્તામાં બદ્દુ લોકો મળી જતા તો તેઓ પાસેથી ખજૂર, દૂધ, માખણ પણ મળી જતું હતું. અમલુજમાં મેં આઠ દિવસ પ્રચાર કર્યો. અહીંના અલઅમીર (ડેપ્યુટી કમિશ્નર)ને પણ મળ્યો. પછી ચાર દિવસની યાત્રા કરીને અલવજહ પહોંચી ગયો. ત્યાંના અલઅમીરને પણ મળ્યો. અહીં એક સપ્તાહ સુધી પ્રચાર કરતો રહ્યો. ત્યાંથી ચાર દિવસે દુબ્બા બંદરે પહોંચી ગયો.

અહીં માત્ર પ્રચાર કાર્ય જ ન કર્યુ પરંતુ ત્યાંના ધનપતિઓને પણ મળ્યો. મારી ઈચ્છા હતી કે તેઓને મળીને જેટલાં પણ ગુલામ પુરુષ અને સ્ત્રીઓ છે તે બધાંને સ્વતંત્ર કરાવું. ખુરૈબામાં સુલતાન ઈબન સઉદનું શાસન પૂરૂ થાય છે. યમબાથી ખુરૈબા સુધીનો રસ્તો અતિ ખરાબ છે. સમુદ્રના કિનારે-કિનારે ચાલવું પડે છે, મેં અહીં ઓમ્ ધ્વજ રોપ્યો અને સાત દિવસ સુધી પ્રચાર કરતો રહ્યો.

અહીંથી છ દિવસના રસ્તે અકબા બંદર છે. જે શરફી અલ અરદનમાં છે. અહીંના અલઅમીર અબ્દુલ છે. અકબા અને ખુરૈબા વચ્ચેનો રસ્તો છ દિવસનો છે. બંને રાજ્યો વચ્ચે ખટપટ રહેતી હોવાના કારણે આ

વિસ્તારમાં વ્યવસ્થા અતિ ખરાબ છે. શાસન પણ કોઇનું નથી. આ વિસ્તારમાં વિદ્રોહી બદ્દુઓ એકત્ર થઇ ગયાં છે, જેઓ અહીંથી પસાર થતા મુસાફરોને મારી નાંખે છે, તેઓના કપડાં પણ ઉતારી લે છે.

મસકતથી લઇને મક્કા, મદીના, જિદ્દા અને ખુરૈબા બંદર સુધી મોટા નગરોમાં પાકા મકાન હોય છે. નાના ગામોમાં લાકડાંના ઝુંપડા હોય છે. જંગલમાં બદ્દુ લોકો મોટા ભાગે તંબુઓ લગાવી લે છે. ખુરૈબા પહોંચતા જ સુલતાન ઇબન સઉદની સત્તા પૂરી થાય છે.

અહીં આ પુસ્તક (અરબમાં સાત વર્ષ અર્થાત્ - અરબમાંનો પહેલો પરિચ્છે કે જે વૈદિક ધર્મનો પ્રચાર એક વર્ષ, છ મહિના અને તેર દિવસની યાત્રાનું વર્ણન છે તે સમાપ્ત થાય છે. બીજા પરિચ્છેદમાં મિશ્ર (આફ્રિકા)ની યાત્રાનું વિવરણ લખીશું.

## મૂર્તિપૂજા

મૂર્તિપૂજા ઇશ્વર-પૂજાનું એક મુખ્ય અંગ સમજવામાં આવે છે. વિશેષ રીતે ભારતમાં અને બીજા દેશોમાં પણ સામાન્ય લોકો કોઇ ન કોઇ પ્રકારે મૂર્તિપૂજા કરતા જોવા મળે છે. જે લોકો પોતાને મૂર્તિપૂજક નથી કહેતા, તેઓ પણ કોઇને કોઇ પ્રકારે મૂર્તિ પૂજે છે. મુસલમાન લોકો સંગે-અસવદ એટલે કે કાળા પથ્થરની ચૂમી લે છે. ઇસાઇઓના કોઇ ન કોઇ સંપ્રદાયમાં ઇસુ, મરિયમ અને ઇસાઇ મહાત્માઓની મૂર્તિઓ પૂજવામાં આવે છે. હિન્દુ ધર્મ માટે તો મૂર્તિઓ જ જીવન છે. જે મૂર્તિ નથી પૂજતા તેને ઘણાં લોકો નાસ્તિક સમજે છે.

પરંતુ એની સાથે જ એક બાબત એ જોવા મળે છે કે સંસારમાં સમયે-સમયે જેટલાં પણ સુધારકો થયાં, તે બધાંએ મૂર્તિપૂજાનો વિરોધ કર્યો અને મૂર્તિપૂજાને ખોટી જાહેર કરી. મુસલમાનોના પયગંબર મુહમ્મદ સાહેબના માટે તો પ્રસિદ્ધ જ છે કે તેઓ મૂર્તિઓ તોડતા હતાં. ઇસાઇઓની બાઇબલમાં લખ્યું છે કે મૂર્તિ ન પૂજો.

જ્યારે ઇસાઇઓએ મૂર્તિ પૂજવી શરૂ કરી તો ઇસાઇ ધર્મના સુધારક જોન વિહ્કિલફે ઇંગ્લેન્ડમાં લોકોને મૂર્તિપૂજા છોડવાના માટે ઉપદેશ આપ્યો. જર્મનીમાં લૂથરે પણ આવો જ ઉપદેશ આપ્યો. સ્કોટલેન્ડનો નાકસ અને જિનેવાનો કાલ્વિન પણ મૂર્તિપૂજાની વિરૂદ્ધ જ પ્રચાર કરતો હતો. આ હાલત વિદેશોની રહી.

# જિજ્ઞાસા - સમાધાન

- આચાર્ય સોમદેવ આર્ય

**જિજ્ઞાસા :** **કઈ રીતે જપ કરવાથી વિશેષ લાભ મળે ?**

**સમાધાન :** જપ, ઉપાસના, ધ્યાન સારી રીતે થઇ શકે એ માટે સાધકે પોતાનો વ્યવહાર સાવધાનીપૂર્વક બરાબર રાખવો જોઇએ. વ્યવહાર જેટલો સારો હશે તેટલો જ સારો જપ, ઉપાસના, ધ્યાન થઇ શકશે.

કોઇ પણ કાર્યમાં સિદ્ધિ ન મળે તો ક્રિયા દોષયુક્ત હશે અથવા કર્તામાં કે સાધનમાં દોષ હશે. જો આ ત્રણેય બરાબર હશે તો કાર્ય સિદ્ધિ આપણને પ્રાપ્ત થશે. અનેક વખત સાધક અને સાધન બરાબર હોવા છતાં ક્રિયા બરાબર ન થતી હોય પરંતુ સાધન યોગ્ય ન હોય તો પણ સિદ્ધિ મળતી નથી અને ક્રિયા અને સાધન બરાબર હોય પરંતુ કર્તા (સાધક) બરાબર નથી તો પણ સિદ્ધિ નથી મળી શકતી. આથી કાર્ય સિદ્ધિ માટે આ ત્રણેય સાધક-સાધન અને ક્રિયા દોષ રહિત હોવા જરૂરી છે.

કર્તા (સાધક) આપણે પોતે છીએ, સાધન આપણાં યમ-નિયમ વગેરે ધર્મપૂર્વક વ્યવહાર છે અને ક્રિયા એ જપ કરતી વખતે આપણી શું ગતિવિધિ છે તે છે.

સંસારમાં કોઇ પણ પ્રકારનું સુખ નિઃશુલ્ક મળતું નથી, શુલ્ક ચૂકવવું જ પડે છે. ભલે પછી એ સુખ ભૌતિક હોય કે આધ્યાત્મિક એને એ રીતે સમજીએ કે કોઇ વ્યક્તિ એક હજાર રૂપિયા લઇને બજારમાં જાય છે, તે આ પૈસાથી કેટલીક સારી વસ્તુ ખરીદી શકે છે અને કેટલીક ખરાબ વસ્તુઓ પણ ખરીદી શકે છે. શું ખરીદવું તે તેની સમજ શક્તિ મુજબ છે. એ જ રીતે જો વ્યક્તિ સારા કર્મો કરીને પુણ્ય કમાશે તો તેનાથી તે સંસારનું સુખ પણ મેળવી શકશે અને આધ્યાત્મિક સુખ પંણ લઇ શકશે. ક્યુ સુખ લેવું એ પણ વ્યક્તિના વિવેકને આધીન છે. સંસારમાં જેની પાસે જેટલું ધન હશે તે તેટલો જ સામાન ખરીદી શકશે. બસ એ જ રીતે જેની પાસે જેટલું વધુ પુણ્ય હશે તે તેટલું વધુ સુખ લઇ શકશે. જો સાંસારિક સુખ પુણ્ય વિના મળી શકતું નથી તો આધ્યાત્મિક સુખ પુણ્ય વગર ક્યાંથી મળી શકે ? આથી સાધન, સાધન-ધ્યાન-જપ વગેરે માટે પણ વ્યક્તિએ પોતાનો જીવન વ્યવહાર એ પ્રકારે રાખવો જોઇએ.

જપની વિધિ માટે શાસ્ત્રમાં કહ્યું છે કે तज्जपस्तर्थभावनम् તે ઈશ્વર-ઓમ્‌નો જપ તેના અર્થ સહિત - અર્થની ભાવના સાથે કરવો જોઇએ. જપ અને જે શબ્દ - વાક્ય વડે જપ કરવામાં આવે તે શબ્દ - વાક્યના અર્થનો વિચાર કરવો અને તે અર્થની ભાવના હોવી ત્યાર પૂર્ણ જપ થશે. માત્ર ઓમ્ વગેરેનું વારંવાર રટણ કરવાથી જપ થયો ન કહેવાય.

આ જપ શરૂઆતમાં ઉચ્ચારણ કરીને - બોલીને કરી શકાય છે. તેનો અભ્યાસ થઇ ગયા પછી માત્ર ઉપાંશુ - માત્ર હોઠ હલાવીને જપ કરવો જોઇએ. તેનો અભ્યાસ થઇ ગયા પછી માનસિક જપ કરવાનો હોય છે. આમાં ઓમ્ વગેરેનું નિરંતર માનસિક ઉચ્ચારણ કરવું. જેમાં વાણીનો ઉપયોગ બિલકુલ બંધ થઇ જાય છે. ઓમ્‌નું માનસિક ઉચ્ચારણની સાથે પ્રણવના અર્થનું નિરંતર ચિંતન કરતા રહેવું. ઓમ્‌નો વાચ્ય અર્થ પરમાત્મા છે. તેના સ્વરૂપને ધ્યાનમાં રાખવાનું છે. તે હટવું ન જોઇએ, તે તેનું ચિંતન છે. જો કે આ સ્થિતિએ પહોંચવું કઠિન છે, આમ છતાં દીર્ઘકાળ પર્યન્ત અભ્યાસ કરવાથી એનો આભાસ થવા લાગે છે. અહીં પહોંચનાર સાધકને આ સ્થિતિ પોતાના તરફ ખેંચતી રહે છે.

આપણે ઇચ્છા કરવા લાગીએ છીએ કે આવી સ્થિતિ બરાબર, લગાતાર જળવાય રહે. અભ્યાસના પ્રારંભમાં એક મિનિટ માટે પણ મન સ્થિર થવું કઠિન હોય છે. ધ્યાન માટે બેસતા જ આપણાં મનમાં પડેલા સંસ્કારો ઉઠવા લાગે છે. ધીરે-ધીરે તેને દૂર કરતા જઇ ઓમ્‌નો જપ વિધિપૂર્વક કરતા રહેવું જરૂરી છે.

જપ કરતી વખતે પરમાત્માના સ્વરૂપને પોતાના સમક્ષ રાખવું જોઇએ. જેમ કે ઓમ્‌નો અર્થ રક્ષક છે, એટલે કે પરમાત્મા સૌનો રક્ષક છે. પરમાત્માના આ રક્ષક સ્વરૂપને પોતાના મનમાં નિશ્ચયપૂર્વક સ્થાપિત કરવું જોઇએ અર્થાત્ પરમાત્માના આ રક્ષક સ્વરૂપ અંગે આપણા મનની સ્થિતિ સંશય રહિત હોવી જોઇએ. આપણાં મનમાં એ દૃઢ નિશ્ચય હોવો જોઇએ કે પરમાત્મા જ રક્ષક છે, પરમેશ્વર જેવો અન્ય કોઇ રક્ષક નથી. આ રીતે નિશ્ચયપૂર્વક જે જપ કરવામાં આવે છે તે જપ ફળદાયી હોય છે.

જે સાધકો ગાયત્રી વગેરેના જપ એક લાખ, સવા લાખ, કરોડ વગેરે અર્થ અને ભાવના વિના કરે છે. તે ફળ આપતા નથી. પોપટની જેમ એ માત્ર રટણ છે. જો સાધક ભાવનાપૂર્વક અર્થ સહિત એક વખત પણ જપ

કરે, ઓમ્ કે ગાયત્રી મંત્રનો પાઠ કરે તો તેનો એ જપ પરમ શાંતિદાયક સિદ્ધ થશે. જપમાં સંખ્યાનું મહત્વ નથી, પરંતુ અર્થ અને ભાવનાનું છે.

સાધકે પોતાની દિનચર્યામાં જપ માટે નિશ્ચિત સમયને મહત્વ આપવું જરૂરી છે. નિત્યકર્મમાં જપનો સમય નિર્ધારિત રાખવો, જપ કરતા પહેલા પોતાના તમામ કાર્યો નિપટાવી લેવા જોઇએ. આમ નહીં કરીએ તો જપમાં અડચણ પેદા થશે. જપ માટે સવાર-સાંજ બંને સમય નિશ્ચિત કરી લેવા અને નિયત સમયે જપ કરવો, ઉપરાંત પણ જો જપ કરવાની ઇચ્છા હોય, અને બીજા જરૂરી કામ કરવાના ન હોય તો અન્ય સમયે પણ જપ કરી શકાય છે. આમ કરવાથી આપણાં મનને એકાગ્ર કરવાની યોગ્યતા વ ધ શ ે .

જપ માટે શાંત-એકાંત સ્થળને પ્રાધાન્ય આપવું જોઇએ. જપના અનુષ્ઠાન માટે સ્થળની અનુકૂળતાનું ખૂબ મહત્વ છે. આથી ઋષિઓએ જપ કરવા માટે ઉત્તમ સ્થળ નદી-તળાવનો કિનારો બતાવેલ છે. મહર્ષિ મનુ લખે છે -

अपां समिपे नियतो नैत्यकं विधिमास्थित:
सावित्रीमप्यधीयत गत्वाडरणयं समाहित: (मनु० २.७९)

જંગલમાં એટલે કે એકાંત સ્થળે જાઇ, સાવધાન થઇ, જળની નજીક જઇ, નિત્ય કર્મ કરીને સાવિત્રી અર્થાત્ ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ, અર્થજ્ઞાન અને તે મુજબ આચરણ કરવું. પરંતુ આ જપ મનથી કરવો ઉત્તમ છે. (સત્યાર્થ પ્રકાશ ત્રીજો સમુલ્લાસ)

અહીં સ્થાનની દૃષ્ટિએ જળની નજીક એકાંત સ્થળ કહેવામાં આવેલ છે. જપ કરનાર સાધકે એ બાબતનું ધ્યાન રાખવું જોઇએ કે તે પોતાના વધારાના સમયને વ્યર્થ ન જવા દે, ખાલી સમયમાં સાધકે સેવા, પરોપકાર અને અધ્યાત્મ સંબંધી શાસ્ત્રોનું અધ્યયન કરતા રહેવું. સમયને ગમે તેમ વેડફવો નહીં. જો સમયને બરબાદ કરશે તો સાધક પોતાના નિર્ધારિત માર્ગથી ભટકી જશે. સેવા, પરોપકાર, અધ્યાત્મ ગ્રંથોનું ઉંડાણપૂર્વકનું અધ્યયન કરતા રહેવાથી સાધકનાં વિચારો ઇચ્છિત માર્ગને અનુકૂળ રહે છે. આમ કરવાથી તુરંત આત્મ લાભ થાય છે.

અનુસંધાન પાના નં. ૧૬ પર

# સત્સંગનો પ્રભાવ

થોડા સમયની પણ સારી સંગતિ શું પરિણામ લાવે છે, એ બાબતમાં અમર શહીદ પં. લેખરામજીના જીવનમાંથી જાણવા મળે છે. તે આર્યસમાજના મહાન વિદ્વાન નેતા ગામડે - ગામડે ફરીને પ્રચાર કરતા હતા. એક ગામમાં ગયા તો તે પ્રદેશનો ડાકુ મુગલા પણ તેમનું ભાષણ સાંભળવા આવ્યો. એના ઘણાં સાથીઓ પણ લોકોની વચ્ચે બેસી ગયા. ગામના લોકોએ મુગલાને જોયો અને ઓળખ્યો તો તે બહુ જ ડરી ગયા. એક-એક કરીને ઊઠીને ચાલવા લાગ્યાં. પં. લેખરામજીનું વ્યાખ્યાન ચાલું હતું. લોકો ઊભા થઇને જઇ રહ્યાં. કેવળ મુગલા અને તેના સાથીઓ રહી ગયા. પં. લેખરામજી ભાષણ આપતા રહ્યાં. તે કર્મના સિદ્ધાંત વિશે ભાષણ આપી રહ્યાં હતા કે- અવશ્યમેવ ભોક્ત્યં કૃતં કર્મ શુભાશુભમ્!

"જે પણ શુભ કે અશુભ કર્મ તમે કર્યા છે તેનું ફળ ભોગવવું જ પડશે. કરેલા કર્મના ફળથી બચવાનો કોઇ માર્ગ નથી. બીજા લોકો ન જુએ, પોલીસ ન જુએ, પરંતુ યાદ રાખો કે એક આંખ એવી છે કે જે તમને દરેક સમયે જોયા જ કરે છે. તમારા હૃદયની અંદર જે કંઇ થાય છે તેને પણ તે જાણે છે. તેનાથી બચવાનો કોઇ ઉપાય નથી. દરેક વ્યક્તિને તે જ કર્મનું ફળ આપે છે."

વ્યાખ્યાન પૂરું થયું તો મુગલાએ પં. લેખરામજીની પાસે આવીને કહ્યું : "તમે કોણ છો?"

પંડિતજીએ કહ્યું : "હું લેખરામ છું."

ડાકુએ પુછ્યું : "હું તમારી સાથે એકાંતમાં વાત કરવા માગું છુ, શું હું તમને મળી શકું ?"

લેખરામજીએ કહ્યું : જરૂરી મળી શકો છો. હું આર્યસમાજમાં છું, ત્યાં આવી જાજો.

રાત્રે મુગલા અને તેના સાથીઓ આર્યસમાજમાં આવી ગયા. ગામના લોકોએ માન્યું કે આફત આવી ગઇ છે. તે લોકો પંડિતજીને લૂંટવા

માટે આવ્યાં છે. પરંતુ મુગલાએ હાથ જોડીને પંડિતજીને કહ્યું: "તમે તો કહેતા હતા કે દરેકે દરેક કર્મનું ફળ ભોગવવું જ પડે છે, તો શું આ વાત સત્ય છે ?"

પંડિતજીએ કહ્યું: "સો ટકા સાચી વાત છે."

મુગલા બોલ્યો : "શું દરેક કર્મનું ફળ ભોગવવું જ પડશે ? શું બચવાનો કોઇ માર્ગ નથી."

પંડિતજીએ કહ્યું : "કોઇ માર્ગ નથી."

મુગલાએ કહ્યું : "તો પછી મારું શું થશે ? હું તો ઘણા વર્ષોથી ધાડ પાડું છું."

પંડિતજીએ કહ્યું : આજથી છોડી દો. કાલે આર્યસમાજમાં આવો, તમને જનોઇ પહેરાવીશ. પછી ધર્મના માર્ગ પ્રમાણે જ ચાલો. મુગલા અને સાથીઓ બીજા દિવસે આર્યસમાજમાં આવ્યાં અને તેમનું જીવન સુધરી ગયું."

સત્સંગનો આવો પ્રભાવ થાય છે.

એક ઘડી આધી ઘડી, આધી મેં પુનિ આધ।
તુલસી સંગત સાધુકી, કરે કોહિ અપરાધ॥

અનુસંધાન પાના નં. ૧૪ પરનું ચાલુ

...જીજ્ઞાસા સમાધાન...

જપ કરતા-કરતા ઉચ્ચારણના સમયે જ જો આપણે અર્થની ભાવના કરી લઇએ તો સારી સ્થિતિ કહેવાય. જો ઉચ્ચારણ સાથે અર્થની ભાવના ન કરી શકીએ તો પહેલા ઉચ્ચારણ કરી લેવું અને પછી અર્થ ભાવના બનાવવી. આવું વારંવારં કરવું. આ જપની વિધિ છે. આમ કરતી વખતે વચ્ચે-વચ્ચે પોતાનું નિરીક્ષણ કરતા રહેવું જોઇએ કે હું કેટલી વાર સુધી જપ કરતો રહ્યો અને કેટલી-વાર સુધી બાહ્ય વિષયમાં મન લગાવ્યું. આમ કરવાથી આપણી નબળાઇ સામે આવી જશે. નબળાઇ જણાય જવાથી તેને દૂર કરી શકાશે. એ નિરીક્ષણ કરવું કે જપ કરતી વખતે આપણે તણાવમાં તો નથી ને! જો એવું હોય તો તણાવ દૂર કરી સામાન્ય સ્થિતિ બનાવવા પ્રયાસ કરતો રહેવો જેથી જપ બરાબર થઇ શકે.



પિતૃ નડતર એક અજ્ઞાત ભય!

# સ્વપ્ન આવતા નથી આપણે લાવીએ છીએ...

- બળદેવભાઈ ઓઝા

પ્રશ્ન-૧ કેટલાંક માણસો ખૂબ ભાગ્યશાળી હોય છે. ખાસ સેવા કર્યા વિના અઢળક માન-સન્માનના અધિકારી બને છે. બહુ વિચારતા હું આ શ્રેણીમાં આવું છું. પ્રથમ અધિકારી તરીકે અને હવે સાહિત્યકાર તરીકે જ્ઞાતિ સમાજમાં ભરપૂર માન-સન્માન મળતા રહ્યા છે. અવનવા સન્માન પછી **જ્ઞાતિ રત્ન** ના એવોર્ડથી નવાજવા સમયે જીવનમાં બધું ટનાટન હતું. પ્રશ્ન એ છે કે મારા આ સારા સમયમાં, ચાલીસથી માંડીને પંદર વર્ષના મારા પિતૃઓ કયારેય સ્વપ્નમાં કેમ ન આવ્યા? તેઓ કયાં હતા? રાજીપો બતાવવા પ્રગટ કેમ ન થયાં?

પ્રશ્ન-૨ તાંત્રિકો વિધિ કરીને પિતૃઓને બોલાવવાનો દાવો કરે છે. મને સ્વપ્નમાં આવેલ પિતૃઓ જયારે માનવદેહે હતા ત્યારે મને અનહદ પ્રેમ કરતા હતા. આવા પ્રેમાળ પિતૃઓ મારા બોલાવ્યા કેમ ના આવે ? તાંત્રિકો કહે ત્યારે જ હાજર થાય અને પ્રમાણ આપે. મારી આજીજી કેમ ન સ્વીકારે ?

પ્રશ્ન-૩ પિતૃ નડતરની થિયરીમાં આપણા પિતૃઓ જાણે કોઇ ભૂત-પલિત જેવા દ્વેષી અને પીડા આપનાર હોય તેવા વર્ણવ્યાં છે. સ્વપ્નમાં આવવાની સત્તા ધરાવનાર પિતૃઓ તેમના આશ્રિતોને ધનલાભ કે બીજો કોઇ ફાયદો થાય એવી ગુપ્ત જાણકારી આપવા માટે સ્વપ્નમાં કેમ ન આવે!

પિતૃ શું સારા કામ ન કરી શકે?

પ્રશ્ન-૪ અંધશ્રધ્ધા અંગેના આ પુસ્તકના સાર રૂપ અગત્યનો પ્રશ્ન.
વિધિ વિધાનને બહાને તાંત્રિકો ભોળા માનવીને ખંખેરે છે. કયાંય વળી બહેન-દીકરીયુની આબરૂ લીધા ના કિસ્સા પણ છાપે ચડ્યા છે. તાંત્રિકો કપટલીલા કરતા પકડાય છે. આજની તારીખે કેટલાંક જેલના સળીયા પાછળ છે.

હવે પ્રશ્ન એ છે કે અંધશ્રધ્ધાળુ - ભોળા માણસોના સંકટ નિવારણ માટે આંબલી પીપળી બતાવતા આ સમર્થ વિરલાઓ, કાયદો અને પોલીસ આગળ ટાઢા બોળ કેમ થઇ જાય છે? પિતૃઓને પટમાં બોલાવી શકતા આ મહારથીઓ જેલમાં પિતૃ કે પરાશક્તિને કાં ન બોલાવે! પરચા કાં ન પૂરે!

અનુસંધાન પાના નં. ૧૯ પર



# અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

**અંધવિશ્વાસ : મરતી વખતે (મૃત્યુ સમયે) જેવી ભાવના રાખીએ તેવો જ આગલો જન્મ મળે છે.**

**નિવારણ :** આવું માનવું એ ભ્રમણા છે. મરતી વખતે પરમાત્માને યાદ કરવાથી પરમાત્મા મળે છે અથવા અન્ય કોઇ ભાવના રાખીએ તો તે મળે છે. આવું માનવું એ કર્મના સિદ્ધાંતની વિરુદ્ધ છે. જીવનભર કુકર્મ કર્યા અને અંતિમ સમયે ભગવાનનું નામ લીધું તો આવી વ્યક્તિ કઇ રીતે સદ્ગતિને પ્રાપ્ત કરે ? ઇશ્વર સર્વજ્ઞ છે - સર્વાન્તર્યામી છે. સર્વવ્યાપક છે. તેનાથી કોઇ બાબત અજાણ નથી.

મરનાર વ્યક્તિ કોણ છે? - કેવો છે? - તેના કર્મો શું છે ? - તેનો ભૂતકાળ કેવો છે ? - આ બધું પરમાત્મા જ જાણે છે. તેની પાસે જ કર્મોનો હિસાબ છે. અંત સમયે વ્યક્તિ કંઇ પણ વિચાર કરે એ બધું કર્મોને આધીન જ આવી જાય છે. પ્રાણ નીકળે એટલે તુરંત જ પરમાત્મા તે દિવંગત આત્માની સ્થિતિનો નિર્ણય કરે છે અને આગળનો જન્મ ક્યાં-કેવો-ક્યારે આપવો એ તે જ પરમેશ્વરનો વિષય છે.

હા! એટલું તો છે કે મરતી વખતે જો વ્યક્તિ પ્રભુના નામનું સ્મરણ કરે તો ઇશ્વરની અસીમ કૃપાથી તેનો પ્રાણ નીકળતી વખતે મુશ્કેલી ઓછી પડે છે. અંતિમ ઘડીનું મહત્વ અવશ્ય છે. આથી ઘરના સદસ્યો એ સમયે ભજન - કીર્તન વગેરે કરે છે. આમ કરવાથી દિવંગત આત્મા સરળતાથી પ્રાણ છોડે અને કંઇક સારૂ ગ્રહણ કરીને વિદાય લે.

દરેક લક્ષણનાં કર્મોનું ફળ જીવાત્માના સંસ્કારોને સંસ્કૃત કરતા રહે છે. પળવારમાં મહાત્મા ડાકુ બની જાય છે તો ડાકુ મહાત્મા બની જાય શકે છે. આ બધું આત્મશક્તિ પર આધારિત છે.

**અંધવિશ્વાસ : અનેક ગુરુજનો-સાધુઓ-કહે છે 'આ દુનિયા ભ્રમ છે, એક સ્વપ્ન છે, એક ઇશ્વર જ સત્ય છે, બાકી બધું મિથ્યા છે.'**

જો આ દુનિયા એક ભ્રમ છે - સ્વપ્ન છે તો પછી આવું કહેનાર કોણ છે? જો બધું જ ભ્રમ છે તો પછી ગુરુ પણ ભ્રમ છે. આવા ગુરુઓ-

સાધુઓને પૂછવું જોઇએ કે કહેનાર અને સાંભળનાર બંને ભ્રમ છે તો પછી તેઓ પોતાના ભક્તો-ચેલાઓ પાસેથી દાન-દક્ષિણા શા માટે લે છે, તે ધન વગેરે પણ ભ્રમ છે.

ઇશ્વરે બધાં મનુષ્યોને બુદ્ધિ આપી છે, તેનો ઉપયોગ કરે તો વાત સમજાઇ જશે કે આપણે બધાં મનુષ્ય એટલે કે મનનશીલ છીએ. આથી જો કોઇ પણ બાબત ઉપર ચિંતન-મનન નહીં કરીને માત્ર વગર વિચાર્યે તેના પર વિશ્વાસ કરી લઇએ તો મનુષ્ય અને પશુમાં શું ફરક ? સત્ય-અસત્યનો ભેદ સમજવા માટે એ જરૂરી છે કે બુદ્ધિનો ઉપયોગ કરીએ, સ્વાધ્યાય કરીએ. કોઇની વાતનો સ્વીકાર કરતા પહેલાં પરીક્ષણ કરવું એ સમજદારી છે. વેદોનો અભ્યાસ કરવાથી સત્ય-અસત્યનો નિર્ણય થઇ શકે છે, એના વિના શક્ય નથી.

આ દુનિયા નથી ભ્રમ કે નથી બ્રહ્મ. બ્રહ્મ એટલે કે ઇશ્વર એક અલગ સત્તા છે અને આત્મા એક અલગ સત્તા છે. પ્રકૃતિ આ બંનેથી જુદી સત્તા છે. ઇશ્વર, જીવ અને પ્રકૃતિ ત્રણેય અનાદિ એટલે કે હંમેશાથી છે. ઇશ્વર પ્રકૃતિ વડે આ સૃષ્ટિ (જગત)નું નિર્માણ કરે છે. આ દુનિયા આ સૃષ્ટિનો એક નાનો ભાગ છે. જે વસ્તુ બને છે તેનો નાશ પણ થાય જ છે. આ દુનિયા બને છે - નાશ પામે છે. આ એક સત્ય છે - ભ્રમ નથી. બ્રહ્મ, જીવ અને પ્રકૃતિ એ બધાં સત્ય છે, જે ભ્રમ હોય તે સત્ય ન હોય. સ્વપ્ન જ હોય છે. તેનો વાસ્તવિકતા સાથે કોઇ સંબંધ હોતો નથી. આ જગત્ સ્વપ્ન કે ભ્રમ નથી, પરંતુ તેનું હકીકતમાં અસ્તિત્વ છે. ભ્રમ હોવા અંગેનો ભ્રમ મગજમાંથી કાઢી નાંખવો જોઇએ.

અનુસંધાન પાના નં. ૧૭ પરનું ચાલુ ...પિતૃ નડતર એક અજ્ઞાત ભય...

ઝાઝી વાતે ગાડા ભરાય. ઇશ્વરે આપેલ આ મનુષ્ય દેહ દુર્લભ છે. ઇશ્વર સૌને સુખી જોવા માંગે છે. ઇશ્વરના કાયદા કાનૂન મુજબ સમજણપૂર્વક જીવીને સૌએ સુખી થવાનું છે. સુખ-દુઃખ જીવનનો હિસ્સો છે. સંકટ સમયે વહેમમાં અટવાઇને, હવામાં બચકા ભરવા જેવા ઉપાયો કરવાથી સંકટ મટતુ નથી. ધન અને મનની ખુવારી થાય છે. યોગ્ય પુરૂષાર્થથી જ દુઃખ મુક્ત થવાય છે.

દરેક ધર્મ, ધર્મશાસ્ત્રો અને સંત પુરુષો આપણને આ વાત સમજાવે છે. ભારેખમ લાગતી શાસ્ત્રની વાતોને સરળ ભાષામાં અને વ્યવહારિક વાતો કથનોથી સમજાવવાનો અહીં નમ્ર પ્રયાસ છે.





ભારત મકવાણા લિખિત અને ચિત્રાંકન થયેલ તથા ડૉ. વિવેક આર્ય દ્વારા સંપાદિત આર્ષ સાહિત્ય પ્રચાર ટ્રસ્ટ, દિલ્લી દ્વારા હિન્દીમાં પ્રકાશિત ચિત્રકથા તેમના આભાર સાથે ગુજરાતીમાં પ્રકાશિત કરવામાં આવે છે. જેનું ગુજરાતનાં બાળકો વાચન કરી પ્રેરણા મેળવશે એવી આશા છે.

- સહસંપાદક

**ગતાંકથી ચાલુ....**

## સ્વામી શ્રદ્ધાનંદ

કટ્ટરપંથીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી, પરંતુ મુન્શીરામ વૈદિક ધર્મના પ્રચારમાં દઢતાથી લાગ્યા રહ્યાં. પોતાના સાળા લાલ દેવરાજની મદદથી શહેરની બહાર કન્યાઓ માટે એક પાઠશાળા ખોલી. જે વર્તમાનમાં કન્યા મહાવિદ્યાલય જાલંધરના નામે સંપૂર્ણ દેશમાં એક પ્રખ્યાત શિક્ષણ સંસ્થા છે.





કમનસીબે આ દરમ્યાન ઓગષ્ટ ૧૮૯૧ માં તેમના પત્ની શિવદેવીનું અવસાન થઇ ગયું. તેમના ચાર સંતાનો ઇન્દ્ર, હરિશ્ચન્દ્ર અને બે પુત્રીઓની જવાબદારી તેમના પર આવી ગઇ. કુંટુંબીઓએ તેમને પુનઃલગ્ન કરવા આગ્રહ કર્યો પરંતુ મુન્શીરામે દઢતાથી જવાબ આપ્યો-





મહાત્મા મુન્શીરામ આર્યસમાજનાં કાર્યોમાં વધુને વધુ રસ લેવા લાગ્યાં. જાલંધરથી તેઓ સદ્ધર્મ પ્રચારક નામે સાપ્તાહિક પત્રિકા પણ પસિદ્ધ કરવા લાગ્યા, જે મહર્ષિ દયાનંદની ઇચ્છા પૂર્તિનો એક ભાગ હતો.
सद्धर्म प्रचारक
सम्पादक
મહાત્મા મુનશીરામને આટલાથી સંતોષ ન થયો.
સાથીઓ! મહર્ષિ દયાનંદની ઇચ્છા પૂર્ણ કરવા માટે આપણે એક ગુરુકુળની સ્થાપના કરવી જોઇએ, જેથી વૈદિક સંસ્કૃતિનો પ્રચાર આપણે જોરથી શોરથી કરી શકીએ.
પરંતુ ગુરુકુળની સ્થાપના માટે ધન ક્યાંથી આવશે?
હું દેશભરમાં ભ્રમણ કરીને ગુરુકુલ માટે દાન એકઠું કરીશ મને આશા છે કે ઘણું દાન મળશે. થોડો પ્રયાસ તમે પણ કરો.
મહાત્માજી અમે તૈયાર છીએ.


14




❖ उस समय के 'चालीस हजार' रुपये आज के (2015) में लगभग 'पांच करोड़' रुपये बनेंगे।


આમ ૨૪ માર્ચ ૧૯૦૨ના રોજ મહર્ષિ દયાનંદનું સ્વપ્ન સાકાર થઈ ગયું. એ આશ્રમનું નામ રાખવામાં આવ્યું 'ગુરુકુળ કાંગડી.'
ગુરુકુળ કાંગડી હરિદ્વાર
મહાત્મા મુન્શીરામે પોતાની બધી જ મિલ્કત વેંચીને ગુરુકુળને અર્પણ કરી દીધી. સર્વપ્રથમ પોતાના બંને પુત્રોને દાખલ કર્યા અને સતત ૧૭ વર્ષ સુધી ગુરુકુળના આચાર્ય અને મુખ્યાધિષ્ઠાતા તરીકે કંઈ પણ વેતન લીધા વિના સેવા આપતા રહ્યાં.
પાંચ-છ વર્ષમાં આ ગુરુકુળે એટલી પ્રસિદ્ધિ મેળવી લીધી કે પ્રતિષ્ઠિત પરિવારો પોતાના બાળકોને તેમાં મોકલવા લાગ્યાં.
મહાત્માજી ! મારા પુત્રને ગુરુકુળમાં દાખલ કરી લો.
सत्यार्थ प्रकाश
प्रधानाचार्य
..અને તન-મન-ધનથી ગુરુકુળના સંચાલનમાં મહાત્મા મુન્શીરામને સહયોગ આપવા લાગ્યાં.
મહર્ષિજીનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે.
ક્રમશઃ...


પરંતુ ગુરુકુળની પ્રસિદ્ધિ અંગ્રેજ સરકારની આંખમાં ખટકાવા લાગી. ઉત્તર પ્રદેશના ઇસાઇ પાદરીઓએ ઉત્તર પ્રદેશના ગવર્નરને ભડકાવ્યા -
મિ. ગવર્નર સાહેબ! આર્યસમાજના ગુરુકુળને બંધ કરવામાં આવે. કારણ કે તેમાં અંગ્રેજી સરકારની વિરૂદ્ધ બગાવતનું શિક્ષણ આપવામાં આવે છે.
મેં તો સાંભળ્યું છે કે તેમાં ચોરી-છુપીથી બોંબ ફેંકવામાં આવે છે જેથી અંગ્રેજી હકુમતને ભગાડી શકાય.
બ્રિટીશ પાર્લામેન્ટ તરફથી ગુરુકુળની તપાસ કરવા માટે મિ. રેમ્જ મેકડાનલ્ડના નેતૃત્વમાં એક તપાસપંચ હરિદ્વાર આવ્યું.
તપાસ પંચે ગુરુકુળનું નિરક્ષણ કર્યું. પરંતુ કોઇ શંકાસ્પદ બાબત ન જણાઇ.
સર! અમે ગુરુકુળનું સારી રીતે નિરીક્ષણ કરી લીધું છે. પરંતુ અમને કંઇ શંકાસ્પદ બાબત જોવા મળતી નથી.
17


થોડા સમય માટે પદારીયોં અને અંગ્રેજ સમર્થકોની બોલતી બંધ થઇ ગઇ પરન્તું તેઓ અવિરત સરકારને ઉશ્કેરતા રહેતા હતા. તેના ફળ સ્વરૂપે સરકાર આર્યસમાજ સંસ્થાને અપરાધી અને દેશદ્રોહી માનતી રહી.
ઠીક છે આપણે બીજી વખત તપાસ કરાવીએ.
ગોરાઓની નૌકરશાહીના ઇશારે અકટૂબર ૧૯૦૬ માં પટિયાલા રિયાસતમાં ૮૪ આર્યસમાજો પકડી લીધાં અને તેના પર રાજદ્રોહનો આરોપ લગાવી દેવામાં આવ્યો.



ક્રમશઃ...

# ગુજરાત નુ ગતિશીલ....... આર્યજગત

## આર્યસમાજ, આણંદ દ્વારા
## શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



પુલવામામાં સૈન્યના જવાનો ઉપર થયેલા આતંકવાદી આત્મઘાતી હુમલામાં દેશના ૪૦ થી વધુ સૈનિકો શહીદ થઇ ગયા તેમજ સંસ્થાના પ્રમુખશ્રી કનકસિંહ વાઘેલાનું દેહાવસાન થયું હોય તેઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવા તથા દુઃખની ઘડીમાં પરિવારજનો પ્રત્યે સંવેદના દાખવવા અને તેઓને સાંત્વના પાઠવવા માટે ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ ખાતે એન. કે. સોલંકી હોલ તા. ૧૭-૨-૨૦૧૯ ને રવિવારના રોજ સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ દરમ્યાન વૈદિક શાંતિયજ્ઞ કરવામાં આવ્યો. જેમાં હાજર સૌએ યજ્ઞમાં આહુતિ આપી દિવંગત આત્માઓને અર્પિત કરી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના નવા નિમાયેલા પ્રમુખશ્રી જશવંતસિંહજી સોલંકીએ જવાનોની શહાદતને બિરદાવી હતી તથા આતંકવાદને જળમૂળથી ઉખેડી નાખવા માટે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી હતી તથા સૈન્ય ફંડમાં રૂા. ૫૧,૦૦૦/- સહાય આપવાની ઘોષણા કરી હતી.

આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદશ્રી લાલસિંહજી વાડોદરીયા, સંસ્થાના ઉપપ્રમુખો: શ્રી નટવરસિંહ રાજ (અડાસ), શ્રી કમલેશભાઇ પટેલ (ચિખોદરા), મંત્રીશ્રી અશોકભાઇ પટેલ (કુંજરાવ), સહમંત્રીશ્રી ચંદુભાઇ પરમાર (કરમસદ), કોષાધ્યક્ષશ્રી રાજેન્દ્રસિંહ રાજ (સારસા), પુસ્તકાલયાધ્યક્ષ શ્રી અજીતસિંહ રાવલજી (ભાલેજ) તેમજ અંતરંગ સભ્યો: શ્રી દિનકરભાઇ પટેલ, શ્રી ગોરધનભાઇ આર્ય, શ્રી વિઠ્ઠલભાઇ પરમાર, શ્રી દિપસિંહ રાઠોડ તેમજ શાખા આર્યસમાજના પ્રતિનિધિઓ અને સંસ્થાના કર્મચારીગણે હાજરી આપી હતી.

શ્રી બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના ઉપપ્રમુખ તરીકે

## શ્રી દિપકભાઈ જયંતિલાલ ઠક્કરની નિમણૂંક કરાઈ

સમગ્ર સૌરાષ્ટ્રની આર્યસમાજોના સંગઠન અને સંકલનનું કાર્ય કરતી અને છેલ્લા ૭૫ વર્ષથી કાર્યરત એવી શ્રી બૃહદ્ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભાના ઉપપ્રમુખ તરીકે આર્યસમાજ જામનગર સંસ્થાના પ્રમુખશ્રી દીપકભાઇ જયંતિલાલ ઠક્કરની નિમણૂંક કરવામાં આવે છે જેને આર્યસમાજ જામનગર દ્વારા આવકારવામાં આવે છે. આર્યસમાજ જામનગરના માનદ્ મંત્રીશ્રી મહેશભાઇ રામાણી, સંસ્થાના ઉપપ્રમુખશ્રી કીર્તિબેન ભટ્ટ, કોષાધ્યક્ષશ્રી વિનોદભાઇ નાંઢા, અંતરંગ સદસ્યશ્રી સત્યદેવ વાલેરાએ ઉપવસ્ત્ર ઓઢાડી શુભેચ્છા પાઠવેલ આર્યસમાજના અંતરંગ સદસ્યો તથા આર્યવિદ્યાસભાના સદસ્યોએ પણ શુભેચ્છા પાઠવેલ.

આર્યસમાજ, નડિઆદ દ્વારા

# ભારતીય વીર શહીદોને શ્રદ્ધાંજલિ તથા શાંતિયજ્ઞ યોજાયો

આર્યસમાજ નડિઆદ દ્વારા વીર શહીદોને શ્રદ્ધાંજલિનો આપવા શાંતિયજ્ઞ સમ્પન્ન કરાયેલ.

સંસ્થા દ્વારા તા. ૨૪-૦૨-૨૦૧૯ રવિવાર સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાકે સદાસાંઇ વ્રત સાંઇબાબા મંદિર, શારદા મંદિર, નડિઆદમાં શાંતિયજ્ઞનું આયોજન કરેલ જેમાં આર્યસમાજ-નડિઆદના ટ્રસ્ટીગણ, સદસ્યગણ તેમજ ધર્મપ્રેમીઓ ભાઇ-બહેનોએ શ્રદ્ધાભાવથી શાંતિયજ્ઞમાં મહામૃત્યુંજય મંત્ર, ગાયત્રી મંત્રની આહુતિ આપી. અને શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પિત કરી. ઉપસ્થિત સૌએ ૨ મીનીટનું મૌન પાડી શાંતિપાઠ કરેલ.

તેમજ તા. ૨૫-૦૨-૨૦૧૯ સોમવારના રોજ ૫:૦૦ થી ૬:૦૦ ફતેપુરા ગામ રામદેવજી મંદિરના ઓટલે તા. નડિઆદ, જિ. ખેડામાં આ પ્રકારનું આયોજન કરેલ.

આ શાંતિયજ્ઞમાં નડિઆદ આર્યસમાજનાં પુરોહિત શ્રી દિનેશભાઇ આર્ય દ્વારા યજ્ઞ સંપન્ન કરેલ. જેમાં આર્યસમાજના ટ્રસ્ટીગણ શ્રી અનુપ પટેલ, શ્રી નરેશભાઇ કંથારીયા, આર્યશ્રેષ્ઠી શ્રી ભારતસિંહજી પરમાર, શ્રી ગૌતમભાઇ બ્રહ્મભટ્ટ - પત્રકાર, શ્રી ચીમનભાઇ ચૌહાણ, ફતેપુરા ગામનાં સરપંચશ્રી, ઉપસરપંચશ્રી, અનિરૂદ્ધ પરમાર, ફતેપુરા ગામના આગેવાનો, ધર્મપ્રેમી ભાઇ-બહેનો તથા બહોળી સંખ્યામાં બાળકોની ઉપસ્થિતિમાં આ શ્રદ્ધાંજલિ, શાંતિયજ્ઞ થયેલ. જવાનોના પરિવાર આવી પડેલ દુ:ખને સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરી અને હૃદયપૂર્વક ૨ મીનીટનું મૌન ધારણ કરી પ્રાર્થના કરેલ હતી.

શ્રી ભારતસિંહજી પરમાર દ્વારા ફતેપુરા ગામ વતી આર્યસમાજ નડિઆદના ટ્રસ્ટીગણનો આભાર માનેલ. તેમજ જણાવેલ કે આપણે સૌ આવા સારાં-નરસા પ્રસંગોપાત યજ્ઞ કરાવવા જોઇએ. તેમજ યજ્ઞ દ્વારા પર્યાવરણની શુદ્ધિ, રક્ષણ કરવું જોઇએ.

આર્યસમાજ, જામનગર દ્વારા

# બોર્ડની વિદ્યાર્થિનીઓનો શુભેચ્છા તેમજ વિદાય સમારંભ યોજાયો

આર્યસમાજ જામનગર સંચાલિત શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલયની શ્રેણી ૧૦ની વિદ્યાર્થીની બહેનોને શુભેચ્છાઓ આપવા માટે અને શ્રેણી-૧૨ની વિદ્યાર્થીનીઓને શુભેચ્છા અને વિદાય આપવા માટેનો સમારંભ તાજેતરમાં યોજાયો.

આ સમારંભના અધ્યક્ષ સ્થાને આર્યસમાજ જામનગરના પ્રમુખશ્રી દીપકભાઇ જે. ઠક્કર રહ્યાં હતા.

આ સમારંભમાં પ્રમુખશ્રી દીપકભાઇ ઠક્કર, માનદશ્રી મહેશભાઇ રામાણી શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય માધ્યમિક વિભાગ, ઉચ્ચ માધ્યમિક વિભાગના આચાર્યા શ્રી પ્રફુલ્લાબેન રુપડીયા, પ્રાથમિક વિભાગના આચાર્યા શ્રી સ્વાતીબેન જોષી, શિક્ષિકા શ્રી ભાનુબેન કાલરીયા, શ્રી ભારતીબેન વ્યાસ, શ્રી દક્ષાબેન સંતોકીએ શુભેચ્છા પાઠવી હતી.

ઉપરોક્ત સમારંભમાં સંસ્થાના પૂર્વ મંત્રીશ્રી નરેન્દ્રભાઇ સી. મહેતા, શ્રી સતપાલજી અને અંતરંગ સદસ્યશ્રી જગદીશભાઇ મકવાણા ઉપસ્થિત રહ્યાં હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મીન્ટુબેન ચોવટિયાએ કરેલ હતું.

**વૈચારિક ક્રાંતિ માટે સત્યાર્થ પ્રકાશ વાંચો.**

આર્યસમાજ પોરબંદર દ્વારા

# મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મ જયંતિ ઉજવાઈ

ગત તા. ૧૭/૨/૨૦૧૯ રવિવારના રોજ આર્યસમાજ પોરબંદરમાં સાપ્તાહિક સત્સંગમાં યુગ પ્રવર્તક મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ તા. ૧૨-૨-૨૦૧૯ના રોજ હતો. જેના અનુસંધાને મહર્ષિ દયાનંદ સરસ્વતીની જન્મ જયંતિ ગત તા.૧૭/૨/૨૦૧૯ ના રોજ મનાવવામાં આવી જેના પ્રવક્તા આર્યસમાજના પંડિત બ્રહ્માનંદ આઝાદ, પંડિત ધર્મવીર શાસ્ત્રી તથા નિતિનકુમાર શાસ્ત્રીએ મહર્ષિ સ્વામી દયાનંદના જીવન ઘટના ક્રમો ઉપર ઉપસ્થિત ભાઈઓ-બહેનોને પ્રેરણાજનક પ્રસંગોનું વર્ણન કરવામાં આવેલ હતું.

તા. ૧૪/૨/૨૦૧૯ના રોજ આર્યસમાજ પોરબંદરમાં પુલવામામાં શહીદ થયેલા વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ તેમાં ઈશ્વરની સ્તુતિ, પ્રાર્થના, ઉપાસના તથા શાંતિ તથા કલ્યાણના મંત્રો દ્વારા પાઠ કરવામાં આવેલ અને બૃહદ હવન યજ્ઞનું આયોજન કરેલ ઉપસ્થિત તમામ લોકોએ પણ વીર શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. આર્યસમાજ પોરબંદરની સરકાર સમક્ષ વિશેષ માંગણી છે કે સી. આર. પી. એફ.ના જવાનોને પેન્શન આપવું તથા શહીદનો હોદો આપી સમસ્ત શહીદોના પરિવારોને ભવિષ્ય માટે સરકારશ્રી તરફથી તમામ પ્રકારની સુવિધા મળે તેવી અમારી આજની ધાર્મિક સભામાં પ્રસ્તાવ મુકી માંગણી કરવામાં આવેલ છે.

અનુસંધાન પાના નં. ૩૧ પરનું ચાલુ

... શોક સમાચાર...

સંસ્થાઓના પ્રતિનિધિઓ, સગાં-સંબંધીઓ, સ્નેહીજન વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે વિવિધ વક્તાઓએ શાબ્દિક શ્રદ્ધાંજલિ આપી હતી. વિશેષ રીતે આચાર્ય દિનેશજી અને આચાર્ય રામદેવજીએ મૃત્યુ વિશે સમજૂતિ હતી.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા અને આર્ય વૈદિક દર્શનની હાર્દિક શ્રદ્ધાંજલિ.

# શોક સમાચાર



ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના મંત્રી, મહર્ષિ દયાનંદ સ્મારક ટ્રસ્ટ ટંકારાના ટ્રસ્ટી હસમુખભાઇ પરમારના પૂ. પિતાશ્રી ધરમશીભાઇ ચકુભાઇ પરમારનું ગત તા. ૧૮-૦૨-૨૦૧૯ના રોજ દેહાવસાન થયેલ છે. તેઓએ ૯૫ વર્ષે ચિરવિદાય લીધી છે. તેઓના અંતિમ સંસ્કાર સંપૂર્ણ વૈદિક વિધિથી કરવામાં આવ્યાં.

તેઓ મિલનસાર, કુટુંબવત્સલ અને ધાર્મિકવૃત્તિના હતા. તેમનું પ્રારંભિક જીવન કઠિનાઇભર્યું હતું. પરંતુ મહેનકશ સ્વભાવ, સાદગીપૂર્ણ જીવન અને સકારાત્મક વિચારસરણીએ સુખી પરિવારનું નિર્માણ કર્યું.

તેઓ સન્ ૧૯૪૮માં મહર્ષિ દયાનંદના જન્મગામ ટંકારા આવ્યા અને અહીં જ સ્થાયી થયા. ટંકારા નિવાસ કરતા કુટુંબીજન આર્યસમાજ સાથે જોડાયેલા હતા આથી તેમનું સાન્નિધ્ય મળ્યું અને આર્યસમાજની સુધારાવાદી વિચારધારા તેમને પસંદ પડી. જે આજીવન ટકી રહી. પોતાના મિત્ર-મંડળમાં સામાજિક રૂઢિઓ-પ્રણાલીઓને તિલાંજલિ આપવા પ્રેરણા આપતા રહેતા.

તેઓ જીવનના અંત સુધી ૯૫ વર્ષની વય હોવા છતાં પણ શરીર અને મનથી સંપૂર્ણ સ્વસ્થ હતા. યાદ શક્તિ પણ ખૂબ સારી હતી. તેઓએ વેદ પ્રાર્થના-

**ઉર્વારુકમિવ બન્ધનાત્ મૃત્યોર્મુક્ષીય મામૃતાત્**

ને સાર્થક કરીને વિદાય લીધી.

તેમની શ્રદ્ધાંજલિ સભા અને શાંતિ યજ્ઞ તા. ૨૪-૨-૨૦૧૯ના રાખવામાં આવેલ હતા. જેમાં આચાર્ય રામદેવજી (ટંકારા), આચાર્ય દિનેશજી (રોજડ), આર્યસમાજ રાજકોટ, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, આણંદ વગેરેના પદાધિકારી - સદસ્યગણ, વિવિધ સામાજિક

અનુસંધાન પાના નં. ૩૦ પર

## આર્યાભિવિનય

BOOK-POST

यो नः पिता जनिता यो विधाता धामानि वेद भुवनानि विश्वा।
यो देवानां नामधाऽएकऽएव तँ सम्प्रश्नं भुवना यन्त्यन्या॥
यजुर्वेद० १७.२७ ॥ ४२॥

**વ્યાખ્યા :** હે મનુષ્ય! જે આપણો પિતા (નિત્ય પાલન કરનાર), જનિતા (જનક) ઉત્પાદક વિધાતા સર્વ મોક્ષસુખાદિનો વિધાયક (સિદ્ધકર્તા) વિશ્વા સર્વ ભુવન - લોકલોકાંતર ધામ અર્થાત્ સ્થિતિનાં સ્થાનોને યથાવત્ જાણનાર, સર્વ ઉત્પન્ન થયેલા ભૂતમાત્રમાં વિદ્યામાન (ઉપસ્થિત) છે, જે દેવા૦ દિવ્ય સૂર્ય આદિ લોકો (પદાર્થો), અન્ય (ઇન્દ્રિયાદિ આત્માનાં સાધનો) તથા વિદ્વાનોનાં નામની વ્યવસ્થાદિ કરનાર એક અદ્વિતીય તે જ (પરમાત્મા) છે, અન્ય કોઇ નથી. તે જ આપણો સ્વામી અને પિતાદિ છે. તેમાં કોઇ શંકા રાખવી નહિ તથા તે જ પરમાત્માના (વિષયમાં) સારી રીતે પ્રશ્ન-ઉત્તર કરવામાં વિદ્વાન, વેદાદિ શાસ્ત્ર અને પ્રાણીમાત્ર તત્પર રહે છે. કારણ કે પરમાત્મા તેની આજ્ઞા અને તેણે રચેલાં જગતનું યથાર્થ નિશ્ચયપૂર્વક (જ્ઞાન) કરવું એ જ અત્યંત પુરુષાર્થ છે. તેના (જ્ઞાન)થી જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થનાં ફળની સિદ્ધિ (પ્રાપ્તિ) થાય છે, અન્યથા નહિ. એટલા માટે જ સર્વ મનુષ્યોએ ધર્માદિ પદાર્થોની યથાવત્ સિદ્ધિ તન, મન, ધન અને આત્માના પૂર્ણ પ્રયત્નથી તથા ઇશ્વરની સહાયતાથી અવશ્ય કરવી જોઇએ.

RNI Registration No. GujGuj/2015/63289
Posted at Rajkot - HO on 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2018-2020

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ, ટંકારા,**
**પિન : ૩૬ ૩૬ ૫૦, જિ. મોરબી.**

પ્રતિ,

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL